ક્રમાંક : જીસીવીટી/ટી-૧૦/૨૦૦૩/૨૮૬૩
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીંગ
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોકનં.-૧/૮
ત્રીજામાળે, ગાંધીનગર
તા. ૫/૩/૨૦૦૩

C/81

<u>પરિપત્ર :</u>

સરકારશ્રી ના શ્રમ અને રોજગાર વિભાગના તા.૧૩/૩/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૦૦/૨૦૧૪/૨(૨) થી ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીંગ ની સ્થાપના કરવામાં આવતાં અખિલ ભારતીય વ્યવસાય કસોટી એપ્રેન્ટીસ/સીટીએસ/રાજ્યકક્ષાએ લેવાતી પરીક્ષાઓ ની પરીક્ષા ફી તથા તેને અનુસાંગીક ફી ના ધોરણો આ કચેરીના તા.૧/૧/૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ જીસીવીટી/ટી-૧૦/ ૨૦૦૨/૦૩ થી નકકી કરવામાં આવેલ હતા.

માન.મંત્રીશ્રી શ્રમ અને રોજગાર ના અધ્યક્ષ સ્થાને મળેલ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીંગ ગર્વનીંગ બોડીની તા.૩/૨/૨૦૦૩ ના રોજ મળેલ બીજી બેઠક માં પરીક્ષા અનુસંધાને નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ છે. જેને ધ્યાનમાં રાખી પરીપત્રની તારીખ થી તે અંગેનો અમલ કરવાનો રહેશે.

(૧) પરીક્ષા ફી,પ્રોવીઝનલ પ્રમાણપત્ર ફી,માર્કશીટ ફી વગેરે ફી ના અલગ અલગ ધોરણો નિયત કરવામાં આવેલ છે.આથી હિસાબો રાખવામાં પડતી અગવડતા અને મુશ્કેલીઓ ને લક્ષમાં લઈ વહીવટી સુગમતા ખાતર પ્રથમ બેઠકમાં નકકી કરેલ ફી ના માળખાને સરળ બનાવવા માટે થયે ચર્ચાને અંતે ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીંગ દવારા લેવાનાર પરીક્ષા ફી તથા તેને અનુસાંગીક ફી નું માળખું નીચેના પરીશીષ્ટ મુજબ નિયત કરવામાં આવે છે.

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીંગ દવારા લેવામાં આવતી પરીક્ષાને અનુસાંગીક ફી ના દરોનું સુનિયોજીત માળખું :-

| ક્રમ | યોજનાનું નામ | રેગ્યુલર તાલીમાર્થી નીપરીક્ષા ફી રૂા. | રીપીટર તાલીમાથી ની પરીક્ષા ફી રૂા. | ખાનગી ઉમેદવાર ની પરીક્ષા ફી રૂા. | લેઈટ પરીક્ષા ફી રૂા. | અસલ રાષ્ટ્રીય પ્રમાણ પત્ર ફી * રૂા. | ડુપ્લીકેટ માટે ની ફી રૂા. | | | | રી-ચેકિંગ ફી (પેપરદીઠ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | નેશનલ અસલ પ્રમા. માટે | રાજ્ય ક. પ્રમા. માટે | પ્રોવી. પ્રમા. માટે | માર્ક શીટ માટે | |
| ૧ | બધીજ યોજના માટે(સ્વ નિર્ભર સંસ્થાઓ સિવાય) | ૧૨૫ | ૧૫૦ | ૨૨૫ | ૧૦૦ | ૫૦ | ૧૦૦ | ૫૦ | ૫૦ | ૫૦ | <u>નાપાસ માટે</u> રૂા.૫૦/- <u>પાસ માટે</u> રૂા.૧૦૦/- |
| ૨ | બધીજ યોજના માટે (ફકત સ્વ નિર્ભર સંસ્થાઓ માટે) | ૩૫૦ | ૪૦૦ | લાગુ પડતું નથી. | ૧૦૦ | ૧૦૦ | ૨૦૦ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ | <u>નાપાસ માટે</u> રૂા.૫૦/- <u>પાસ માટે</u> રૂા.૧૦૦/- |

*પરિપત્રની તારીખ બાદ ઈસ્યું કરવામાં આવનાર તમામ પ્રકારના જુના કે નવા રાષ્ટ્રીય પ્રમાણપત્ર માટે દર્શાવેલ દરે ફી લેવાની રહેશે.

જે તાલીમાર્થીઓની પરીક્ષા પુર્ણ થયેલ છે અ થવા તો પરીક્ષા ફી અગાઉ થી લેવામાં આવેલ છે તેવા કિસ્સામાં

તાલીમાર્થીઓની માર્કશીટ/પ્રોવીઝનલ પ્રમાણપત્ર ફી તા.૧/૧/૨૦૦૩ ના પરીપત્ર મુજબ લેવાની રહેશે.

(૨) ડીજીઈટી તરફથી મળતા અસલ પ્રમાણપત્રો ને સુવાચ્ય હસ્તાક્ષરે લખવા માટે હાલના દર રૂા.૦—૫૦ C/83

પૈસાના બદલે રૂા.૦૧—૦૦ પ્રતિ પ્રમાણપત્ર દીઠ નિયત કરવામાં આવે છે.

(૩) અખિલ ભારતીય વ્યવસાય કસોટી CTS/ATS તેમજ રાજયકક્ષા એથી લેવાતી ટુંકાગાળા સિવાયની તમામ પરીક્ષા તેમજ પરિક્ષણ માટે ચેરમેન/આસી.ચેરમેનની નિમણુંક કરવામાં આવે છે.આ ચેરમેન/આસી.ચેરમેન ની જવાબદારી/કાર્યભારણ ને ધ્યાનમાં લઈ હાલમાં ચેરમેનશ્રી ને મળતા રૂા.૪૦/— ના બદલે રૂા.૧૦૦/— પ્રતિદીનના અને આસી.ચેરમેન ને રૂા.૨૫/—ના બદલે રૂા.૭૫/— પ્રતિદીન રેમ્યુનરેશન ચુકવવાનું રહેશે. આ ઉપરાંત પરીક્ષા તથા પરીક્ષણ કેન્દ્ર ખાતે જે પરીક્ષકો ની નિમણુંક કરવામાં આવે છે.તેઓ પૈકી જેઓ બીન સરકારી હોય તેઓના પગારનું ધોરણ કોઈ ચોકકસ ધારાધોરણ મુજબ ના હોવાથી વર્ગ—૨ના અધિકારીને મળતા લઘુતમ પગાર ધોરણ મુજબ મળવાપાત્ર દરે પ્રવાસ ભથ્થુ ચુકવવા તથા સ્થાનિક કક્ષાએ થી પરીક્ષણ માટે આવતા પરીક્ષકોને પ્રતિદીન કુલ રૂા.૪૦/— રીક્ષાભાડું (આવવા જવાનું બંને મળીને) મહતમ લેખે અથવા ખરેખર ચુકવેલ રીક્ષાભાડું બે પૈકી જે ઓછું હોય તે ચુકવવાનુ રહેશે.

(૪) ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ હેઠળ લેવાતી વિવિધ પરીક્ષાઓમાં તાલીમાર્થીઓની ગુણવતા તેમની પ્રાયોગીક કસોટીના આધારે ચકાસણી થતી હોવાથી પ્રાયોગીક કસોટીની ચકાસણી કરવા માટે નિષ્ણાતો દવારા ચકાસણી થાય તે મહત્વનુ છે. પરંતુ પ્રાયોગીક કસોટી માં ચુકવવામાં આવતા મહેનતાણા ના દર ઘણા ઓછા હોવાથી નિષ્ણાતો આ પ્રકાર ના કાર્યો માટે આગળ આવતા નથી. આથી આવા નિષ્ણાતોને આ કાર્યો કરવા પ્રોત્સાહીત કરવા તથા પ્રકટીકલ પરીક્ષણને વધુ ગુણવતાસભર બનાવવાના હેતુસર આ રેમ્યુનરેશન ના દરોમાં વધારો કરવાનું યોગ્ય જણાતાં હાલમાં પ્રતિ તાલીમાર્થી દીઠ રૂા.૦૮/— નકકી થયેલ છે. તેના બદલે પ્રતિતાલીમાર્થી દીઠ રૂા.૧૫/— રેમ્યુનરેશન નિયત કરવામાં આવે છે.

આ કચેરીના તા.૧/૧/૨૦૦૩ ના પરીપત્રથી આપવામાં આવેલ સુંચનાઓ મુજબ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીગ હેઠળ થતી આવક અત્રે ડ્રાફટ થી જમા કરાવવામાં આવે છે ત્યારે સંસ્થાના વડાઓ દવારા અલગ અલગ પત્રકો રજુ કરવામાં આવે છે. જેમાં ઘણીજ વિસંગતતાઓ રહેવા પામે છે.આથી હવે પછી આવી આવકો જમા કરાવવામાં આવે ત્યારે નિચે મુજબના લાગુ પડતા પત્રક સાથે ડ્રાફટ મોકલવાનો રહેશે. અન્ય વિગતો મોકલવી નહી. પરંતુ તે પરીપત્રમાં નિર્દિષ્ટ કરાયેલ તમામ પ્રકારના પત્રકો/રજીસ્ટરો સંસ્થા કક્ષાએ બિનચુક નિભાવવાના રહેશે. જેથી કરીને ઓડીટ સમયે કોઈ પ્રશ્ન ઉદભવે નહી.

C/85

(૧) પત્રક—૧

(સ્વનિર્ભર સિવાયની સંસ્થાઓ માટે)

સંસ્થાનું નામ :............................ ડ્રાફ્ટ નં......... તારીખ......રૂપિયા.......

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીગ હેઠળ થયેલ આવકની વિગત દર્શાવતુ પત્રક :—

| ક્રમ | યોજનાનું નામ | રેગ્યુલર તાલીમાર્થી નીપરીક્ષા ફી રૂ. | રીપીટર તાલીમાર્થી ની પરીક્ષા ફી રૂ. | ખાનગી ઉમેદવાર ની પરીક્ષા ફી રૂ. | લેઈટ પરીક્ષા ફી રૂ. | અસલ રાષ્ટ્રીય પ્રમાણ પત્ર ફી રૂ. | ડુપ્લીકેટ માટે ની ફી રૂ. | | | | રીચેકીંગ ફી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | નેશનલ અસલ પ્રમા. માટે | રાજય કક્ષા પ્રમા. માટે | પ્રોવી. પ્રમા. માટે | માર્ક શીટ માટે | |

યોજનાનું નામ એટલે કે CTS/ATS/ ટૂંકાગાળા/કુટીરઉદ્યોગ/GITWPATTERN/ ખંડ સમયના વર્ગો/રાજયકક્ષા/

(૨) પત્રક—૨

(સ્વનિર્ભર સંસ્થાઓ માટે)

સંસ્થાનું નામ :............................ ડ્રાફ્ટ નં......... તારીખ......રૂપિયા.......

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીગ હેઠળ થયેલ આવકની વિગત દર્શાવતુ પત્રક :—

| ક્રમ | યોજનાનું નામ | રેગ્યુલર તાલીમાર્થી નીપરીક્ષા ફી રૂ. | રીપીટર તાલીમાર્થી ની પરીક્ષા ફી રૂ. | લેઈટ પરીક્ષા ફી રૂ. | અસલ રાષ્ટ્રીય પ્રમાણ પત્ર ફી રૂ. | ડુપ્લીકેટ માટે ની ફી રૂ. | | | | રીચેકીંગ ફી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | નેશનલ અસલ પ્રમા. માટે | રાજય કક્ષા પ્રમા. માટે | પ્રોવી. પ્રમા. માટે | માર્ક શીટ માટે | |

આ ઉપરાંત દર માસની ૦૧ તારીખ સુધીમાં પ્રોગ્રેસીવ આવક અંગેની માહીતી દર્શાવેલ પત્રકો મુજબ જ સંબંધિત પ્રાદેશિક કચેરીઓને મોકલવાની રહેશે.અને પ્રાદેશિક કચેરીઓ એ તમામ સંસ્થાઓની સંકલીત માહીતી જે તે માસની ૦૫મી તારીખ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.આ પરીપત્રમાં દર્શાવેલ વિગતો સિવાય ની અન્ય બાબતો તા.૧/૧/૨૦૦૩ ના જીસીવીટીના પરીપત્ર મુજબ યથાવત રહેશે.

(સહી)

નિયામક,રોજગાર અને તાલીમ

સભ્ય સચિવ

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશ્નલ ટ્રેનીગ

ગાંધીનગર

5/3/02

નકલ રવાના:

(૧) તમામ ઓ.તા.સંસ્થા,ગ્રાન્ટ ઈન એઈડ,સરકારી ટેક.હાઈસ્કુલ,સ્વનિર્ભર સંસ્થાઓ,
(૨) તમામ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો તથા કુટીર ઉદ્યોગના અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થાઓ,
(૩) કમિશ્નરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૪) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ ગાંધીનગર,સરકારી ટેકનીકલ હાઈસ્કુલ ને આપના સ્તરેથી જાણ કરવી.
(૫) નાયબ નિયામકશ્રી (તાલીમ) પ્રાદેશિક કચેરી અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત,
(૬) શાખા—ધ,ય,ર,ક,વ,હિસાબીશાખા તરફ જાણ સારૂ.

નાહીદ/MEETING